# શહેરમાં વધતો મચ્છરોનો ઉપદ્રવ

**વાદળો વરસ્યા બાદ મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ રોગચાળાની દહેશત : સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ભરાયેલા પાણીના ખાબોચિયા વચ્ચે ખદબદતી ગંદકીથી જનઆરોગ્ય સામે જોખમ : મચ્છરોને ડામવા પોરાનાશક કામગીરી જરૂરી**

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા બાદ સેકટરોમાં કાદવ કીચ્ચડ અને પાણીના ખાબોચિયા વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે. જયારે વરસાદના વિરામ બાદ તડકી છાયડીનુ વાતાવરણ પણ મચ્છરો માટે ફેવરેબલ હોવાથી શહેર ગમે ત્યારે રોગચાળાના અજગર ભરડાની લપેટમાં આવે તેવી દહેશત પ્રવર્તી છે. શહેરમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે. જયારે વરસાદી પાણીના નિકાલની લાઈન પણ નથી. ત્યારે વરસાદ બાદનુ વાદળિયુ વાતાવરણ પણ રોગચાળાની આફત સમાન પુરવાર થાય તેવી દહેશત પ્રવર્તી છે.

શહેરમાં મેઘરાજા મહેરબાન થતા સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાતા કાદવ કિચ્ચડ અને ગંદકીના દ્રશ્યો જોવા મળી રહયા છે. સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે સેકટરોના કોર્મશિયલ તેમજ રહેણાંક વિસ્તારમાં ગંદકીના ઢગ જોવા મળી રહયા છે. જયારે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા પણ ન હોવાથી વરસાદ દરમિયાન મોટાભાગના સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. ત્યારે વરસાદી પાણીના ભરવા અને ગંદકીના લીધે મચ્છરોના ઉત્તપત્તિ સ્થાનો ઉદભવ્યા છે. જેના લીધે શહેરમાં ગમે ત્યારે રોગચાળો વધુ જોર પકડે તેવી દહેશત પ્રબળ બની છે. હાલની સ્થિતિએ શહેરમાં સામાન્ય તાવ કમળો, કોલેરા ઝાડા ઉલ્ટી તેમજ મેલેરીયાના દર્દીઓ વધી રહયા છે. વરસાદી વાયરા વચ્ચે રોગચાળાએ પગપેસારો કરી દીધો છે. બીજીતરફ મચ્છરો માટે પણ વાતાવરણ ફેવરેબલ છે. જેના લીધે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે. શહેરના જાહેર સ્થળોએ સફાઈ અભિયાન તેમજ ફોગીંગ સહીતની કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે. જયારે રહેણાંક વિસ્તારમાં પણ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ મામલે લોકજાગૃતિ કેળવાય તેમજ સ્વચ્છતા સહીત મચ્છરનાશક કામગીરી માટે અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ હોવાનો સુર પણ સેકટરવાસીઓમાં ઉદભવ્યો છે.



વાદળોની આવન-જાવન : શહેરના આકાશમાં આજે તડકો અને છાંયો સંતાકૂકડી રમતા હોય એવી અનુભૂતિ થતી હતી... ઘડીકમાં આકરો તડકો તો ક્યારેક વાદળોથી ઘનઘોર આકાશ જોવા મળતું હતું... સાંજે વરસાદી છાંટા ને ક્યાંક વાદળોની ગર્જના વાતાવરણને મિશ્ર અનુભવ કરાવતી હતી...

# આદિવાડામાં ૫૦ લાખના ખર્ચે ગટરલાઈન અપગ્રેડ કરાશે

ગાંધીનગર તા ૬

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણી ગટર તેમજ રસ્તાની સુવિધાઓનુ કામ પુર્ણ થયુ નથી. જયારે શહેરના આદિવાડા વિસ્તારમાં પણ ગટર લાઈનની સમસ્યાને હલ કરવા માટે તંત્ર દ્વારા રૂ ૫૦ લાખના ખર્ચે કામ હાથ ધરાયુ છે. આદિવાડામાં ૨૮ વર્ષ જુની લાઈનને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ છે. જેના લીધે આગામી દિવસોમાં ગટરની સમસ્યાનો અંત આવશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ ગટર લાઈન તેમજ પાણીને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીના નવા બોર તૈયાર કરી દેવાયા બાદ હવે પાણીની ટાંકી તેમજ આગામી દિવસોમાં પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરાશે. બીજીતરફ શહેરી વિસ્તારમાં પણ દાયકાઓ જુની ગટર લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેના લીધે સે-૨ ,૪ અને સે-૩ સહીતના અન્ય સેકટરોમા પણ ગટર લાઈનને અપગ્રેડ કરવામાં આવી છે વસતી મુજબ ગટરલાઈનની ક્ષમતાને અનુલક્ષી વધારાની લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવે છે. જયારે શહેરમાં સ્થિત આદિવાડા ગામમાં વર્ષ ૧૯૯૦ દરમિયાન ગટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે છેલ્લા ૨૮ વર્ષના અંતે હવે આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાએ હદ વટાવતા ગટર લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા હાલ આ વિસ્તારમાં લાઈનને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. હાલ આ ગટરલાઈનનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જો કે ગટરલાઈનની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. આ મામલે સ્થાનિક રહીશોનો યોગ્ય સહકાર ન મળતો હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જેના લીધે કામગીરી પર વિપરિત અસર પડી છે. આદિવાડામાં જે વિસ્તારમાં ૧૫૦ એમ એમ ની લાઈન છે. તેવા ઠેકાણે ૩૦૦ એમ એમ ની લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે ૩૦૦ એમ એમ ની લાઈન બદલીને ૪૫૦ મી મી ની લાઈન અપગ્રેડ કરવામાં આવી રહી છે. આદિવાડામાં ગટરલાઈનનુ કામ પુર્ણ થયા બાદ ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવશે.

# ગાંધીનગર-સરખેજ માર્ગ ૭૦૦ કરોડના ખર્ચે સીક્સ લેન કરાશે

**એસજી હાઇવે પર બધા ચાર રસ્તે ફલાયઓવર બનાવાશે : મુખ્યમંત્રી રૂપાણીની મહત્વપૂર્ણ જાહેરાત**



અમદાવાદ, તા.૬

સરખેજ ગાંધીનગર હાઈવે પર છેક ગાંધીનગર સુધી હાઈવે પર આવતા તમામ ચાર રસ્તા પર ફલાયઓવર બ્રીજ બનાવવામાં આવશે અને સૌરાષ્ટ્ર સુધીના તમામ હાઈવે માર્ગ સીક્સ લેન બનાવવામાં આવશે એ મતલબની મહત્વપૂર્ણ જાહેરાત આજે રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ અત્રે કરી હતી. આજે બોપલ એસપી રીંગરોડ પરના સૌથી મોટા ફલાયઓવર બ્રીજ અને બોપલ પોલીસ સ્ટેશનના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરખેજથી ગાંધીનગરના અતિ વ્યસ્ત હાઈવે પર ટ્રાફિકના નિવારણ માટે સીક્સલેન રોડ અને તમામ ચાર રસ્તા પર ફલાયઓવર બ્રીજ માટે રૂ.૭૦૦ કરોડ મંજૂર કરાયા છે. જયારે અમદાવાદથી રાજકોટના હાઈવેના માર્ગો આશરે

● અનુસંધાન પાન-૭ પર

# સરિતા અને ચરેડી ટાંકીના સંપની ચાર દાયકા જુની મશીનરીના કારણે શહેરમાં પાણીનો કકળાટ

**મશીનરીના વાલ્વ સહીત કટાયેલા પાઇપો તેમજ ઇલેક્ટ્રીક લાઇન પણ બદલવાની અનિવાર્યતા : સેકટરોમાં પાઇપલાઇન પણ અપગ્રેડ કરવા કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૬

શહેરમાં પાણીનો પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી જટીલ બન્યો છે. વધતી વસતી અને વિકાસના બદલાતા આયામો વચ્ચે પાણીની લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જયારે શહેરમાં પાણી સપ્લાય કરવા માટે કાર્યરત બે પમ્પીંગ સ્ટેશનની મશીનરી પણ વર્ષો જુની અને કટાયેલી હાલતમાં છે. પાટનગર યોજના ભવન દ્વારા આ મશીનરી બદલવા માટે પણ વિચારણા કરવામાં આવી છે. જો કે આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે તેમ છે. જેથી વિભાગ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરી શકાય તેમ છે.

શહેરમાં પાણીના મામલે છેલ્લા કેટલાક સમયથી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ક્યારેક નવા તો કયારેક જુના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તે છે. જો કે સેકટરોમાં ઉઠતી પાણીની બુમ સામે પાણીના જથ્થાની ઉપલબ્ધિ નહીં પરંતુ પાણી માટે નિર્માણ કરાયેલા પમ્પીંગ સ્ટેશન તેમજ જરૂરી લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પ્રતિદિન ૫૫ એમ એલ ડી પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવે છે. આમછતા સમયાંતરે પાણીની બુમ ઉઠતી રહે છે. છેલ્લા કેટલાક સમયથી નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ મુખ્ય બન્યો છે. જેમાં સરીતાના પમ્પીંગ સ્ટેશન પરના બટરફલાય વાલ્વ પણ જુના અને ખરાબ હાલતમાં છે. જયારે કેટલીક પાઈપો પણ કટાયેલી અને કંગાળ હાલતમાં છે. સંપના સિસ્ટમની ક્ષમતા ઘટી ગઈ છે. આ ઉપરાંત ચરેડી સંપમાં પણ પેનલ બોર્ડ , મોટર ,બટરફલાય વાલ્વ તેમજ હાઈવોલ્ટેજ લાઈનનુ પણ નવિનીકરણ અનિવાર્ય બન્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં પાણી સપ્લાય કરતા મુખ્ય બે સંપના નવિનીકરણની કામગીરી અનિવાર્ય છે. જયારે છાશવારે સર્જાતી ટેકનિકલ ખામીના લીધે પાણીની બુમ ઉઠવા પામે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સંત સરોવર નર્મદાના પાણીથી ભરવા માંગ

**તળાવો ભરવાની વાતો થાય છે પણ આયોજન સરકાર પાસે નથી : શિવરામ ચૌધરી**

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકાર તળાવો ભરવા માટેની મોટી મોટી વાતો કરે છે પરંતુ કોઈ નક્કર કામગીરી આ દિશામાં થતી નથી તેવા ગંભીર આક્ષેપ સાથે મહાગુજરાત કિસાન સેનાના પ્રદેશ મંત્રી શિવરામભાઈ ચૌધરીએ ગાંધીનગરનું સંતસરોવર તાત્કાલિક નર્મદાના પાણીથી ભરવામાં આવે તેવી માંગ કરી છે.

મહાગુજરાત કિસાન સેના પ્રદેશમંત્રી શિવરામભાઈ ચૌધરીએ પોતાના અખબારી નિવેદનમાં જણાવ્યુ છે કે રાજ્યની ભાજપ સરકાર છાશવારે નર્મદા યોજનાના તાયફા કરવા નીકળે છે. નર્મદાના નીરની વધામણીઓ કરવા માટેના કાર્યક્રમો કરે છે. પણ ગુજરાતના પાટનગર એવા ગાંધીનગરનુ એકમાત્ર સંત સરોવર છે. જેને નર્મદાના પાણીથી ભરવા માટેનો સમય આ સરકાર કે તેના સત્તાધીશો પાસે નથી. પ્રજાને સારૂ લગાડવા અવાર-નવાર તળાવો ભરવાની જાહેરાતો કરવામાં આવે છે. પણ વાસ્તવમાં તળાવો ભરવા માટેનુ આયોજન થતુ નથી. માત્ર ભાષણોથી જ તળાવો ભરાઈ જાય છે.

ગાંધીનગર શહેરની શોભા એવા સંત સરોવર માટે પણ ગાંધીનગરાઓને ભૂતકાળમાં સ્વપ્નો દેખાવામાં આવ્યા હતા. સંત સરોવર તો તૈયાર થયુ પણ તેમાં નર્મદાના નીર લાવવાની તસ્દી આજ સુધી કોઈએ લીધી નથી. જો સંત સરોવરને નર્મદાના પાણીથી ભરવામાં આવે તો ભૂતળના પાણી રીચાર્જ થાય અને ગાંધીનગરની શોભા વધે તેની સાથે પાણી રીચાર્જનો લાભ પણ થઈ શકે તો તાત્કાલીક અસરથી સંત સરોવરને નર્મદા યોજનાની પાઈપલાઈન દ્વારા સાંકળીને તેને ભરવાની યોજના બનાવવી જોઈએ એવી અમારી અને ગાંધીનગર શહેરના પ્રબુદ્ધ નાગરીકોની લાગણી છે.

# ગાંધીનગરમાં ભાજપના એક લાખ કાર્યકરોનું મહાસંમેલન ૧૧મીએ યોજાશે

**શહેરના રામકથા મેદાનમાં ભાજપનું પેજ પ્રમુખોનું ભવ્ય સંમેલન યોજાશે : આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અદયક્ષ અમિત શાહ કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરુ પાડશે**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે આગામી તા.૧૧ જુલાઈને મંગળવારના રોજ નોર્થ ઝોનના ભારતીય જનતા પાર્ટીના પેજ પ્રમુખોનું મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ઉપસ્થિત રહેશે. આ પેજ પ્રમુખના સંમેલનમાં અંદાજીત એક લાખથી વધુ કાર્યકરો ઉપસ્થિત રહેવાના છે જેઓને રાષ્ટ્રીય અધ્યક્ષ ચુંટણી લક્ષી માર્ગદર્શન પુરુ પાડશે. આ સંમેલનમાં રાજયના મંત્રી મંડળના મંત્રીઓ તેમજ પ્રદેશ માળખાના હોદેદારો પણ ખાસ હાજર રહેવાના છે. જેથી સંમેલનને લઈ શહેરના કાર્યકર્તાઓમાં અનેરો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે સંમેલનના સ્થળે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાજયમાં આગામી વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે. ભાજપ દ્વારા રાજયમાં મિશન ૧૫૦ હાંસલ કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે. જેને પગલે ભાજપ પક્ષના કાર્યકર્તાઓ કામે લાગી ગયા છે. પક્ષના વિવિધ સેલ અને મોરચના હોદેદારો પણ ચુંટણીલક્ષી કામગીરીમાં પરોવાઈ ગયા છે. માઈક્રો બુથ લેવલે બેઠકો પણ શરુ થઈ ગઈ છે. પ્રદેશકક્ષાએથી પણ પક્ષના કર્મઠ કાર્યકરોને વિવિધ જવાબદારી સોંપવામાં આવી રહી છે. ત્યારે આગામી તા.૧૧ જુલાઈના રોજ ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે નોર્થ ઝોનના પેજ પ્રમુખોનું સંમેલન યોજાવા જઈ રહ્યું છે. આ સંમેલનમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી અને સાબરકાંઠાના પેજ પ્રમુખો સહિત કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહેવાના છે. આ પેજ પ્રમુખોને સંબોધન માટે અને ચુંટણીલક્ષી માર્ગદર્શન માટે ખાસ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગરના આંગણે આવવાના છે. આ સંમેલનને પગલે કાર્યકર્તાઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રીય અધ્યક્ષના એરપોર્ટ પરથી ભવ્ય સ્વાગતથી લઈને સંમેલન સુધી વિવિધ જવાબદારીઓ પણ હોદેદારો તેમજ કાર્યકર્તાઓને સોંપી દેવામાં આવી છે. ત્યારે ગાંધીનગરના આંગણે રાષ્ટ્રીય અધ્યક્ષ આવવાના હોવાથી ગાંધીનગરના હોદેદારોની જવાબદારી પણ વિશેષરુપે વધી જવા પામી છે. ત્યારે કાર્યક્રમમાં કયાં ચુંક રહી ન જાય તેનું નિરીક્ષણ પ્રદેશના હોદેદારો કરી રહ્યા છે. જયારે શહેરમાં અત્યારે હાલના સમયે તો અનેરો માહોલ સર્જાયો છે. શહેરમાં એકલાખથી વધુ કાર્યકર્તાઓ હાજર રહેવાના હોવાથી સંમલનની તડામાર તૈયારીઓ પણ શરુ થઈ ગઈ છે.

# જેએનએસયુનો વિદ્યાર્થી સ્વાઈન ફલુમાં પટકાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર કોબા માર્ગ પર આવેલ જીએનએસયુનો એક વિદ્યાર્થી સ્વાઈન ફલુમાં પટકાયો હોવાની જાણ થતાં જ આ પંથકમાં આવેલા શૈક્ષણિક સંકુલોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વિદ્યાર્થી મુંબઈથી આવ્યો હતો અને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં જ તે પરત મુંબઈ જવા રવાના થઈ ગયો છે. જિલ્લા આરોગ્ય તંત્રના ધ્યાને આ બાબત આવતાં તંત્રના અધિકારીઓએ તાત્કાલિક સર્વેલન્સ હાથ ધરી અને તેના સંપર્કમાં આવેલ સૌને દવા આપી હોવાનુ જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા યોગ્ય રીતે ન થતાં ભરાયેલા ખાબોચિયામાં મચ્છરનો ઉપદ્રવ દિન-પ્રતિદિન વધતો જાય છે. જેના પગલે સ્વાઈનફલુ, ડેન્ગ્યુ, તાવના કેસ વધતા જાય છે. રોગચાળો થંભવાનું નામ લેતો નથી. ખાનગી અને સરકારી હોસ્પિટલો દર્દીઓથી છલકાઈ રહી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com